જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૯/૨૦૨૨ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૭૩૫/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૭/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૭ | ૦ | ૧૪૭ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૦ | ૦ | ૧૦૦૭૦૦ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫ | ૩,૪૦,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૩૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૯૧ લીટર દેશી દારૂ, ૪૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૮૩૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૩૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૭૩૮/૨૦૨૨**

**વટવા જીઆઇડીસીઃ** સુનિલકુમાર ખુશીરામ શર્મા (રહે. વિનાયકપાર્ક ન્યુ આર.ટી.ઓ.રોડ વસ્ત્રાલ) એ વટવા જીઆઇડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૯/૨૦૨૨ સાંજના ૭/૦૦ થી તા.૨૭/૦૯/૨૦૨૨ કલાક ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન વટવા જીઆઇડીસી ફેઝ-૩ ત્રીકમપુરા પાટીયા પાસે કર્મા એસ્ટેટ પ્લોટ નંબર ૫૫૦૧ મારુતી ફેબ્રીક ફેક્ટરી એ/૩૩ નંબરની દુકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી દુકાનમાંથી ગડરના ટુકડા, લોખંડના નાના-મોટા પાટા, બાટ અને હેન્ડડ્રીલ મશીનની લાગ માટેની રીંગ મળી કુલ કિમત રૂપિયા ૧,૨૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એલ.વાઘેલા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૩૯/૨૦૨૨**

**ઓઢવઃ** અનિલકુમાર ઇન્દ્રજીત રાય (રહે. ભીલ સોસાયટી સ્વસ્તિક ક્રોસ રોડ સામે અમરાઇવાડી) એ તા.૨૬/૦૯/૨૦૨૨ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૯/૨૦૨૨ સાંજના ૭/૦૦ થી તા.૨૫/૦૯/૨૦૨૨ સવારના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ પાંજરાપોળ રોડ રોયલ હોટલની બાજુમાં “ન્યુ ગુજરાત મોટર ગેરેજ” પાસે ખુલ્લા મેદાનમાંથી આઇસર ગાડી નંબર જીજે ૨૩ એટી ૧૩૮૦ કિમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૭૪૦/૨૦૨૨**

**એસ.જી.હાઈવે-૨ ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** આકાશ બસરાજ નંદમણી (ઉ.વ.૨૦) (રહે.ગોકુલનગર હાઉસીંગ સોસાયટી ઝાલાવાડી કન્યા છાત્રાલયની સામે કોર્પોરેટ રોડ પ્રહલાદનગર વેજલપુર) તા.૨૭/૦૯/૨૦૨૨ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે એસ.જી.હાઈ-વે વાયએમસી ક્લબ સામે પ્રહલાદનગર ટી થી ઉજાલા તરફ જવાના રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે કાર નંબર જીજે ૦૧ એચવી ૫૫૨૩ ના ચાલકે કાર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા આકાશ નંદમણીને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/૦૯/૨૦૨૨ કલાક ૧/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર આકાશ નંદમણીના માતા પુર્ણીમાબહેન નંદમનીએ એસ.જી.હાઈ-વે-૨ ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી એમ.આર.સિંધવ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૭૪૧/૨૦૨૨**

**સાબરમતીઃ** સાબરમતી ત્રાગડ ખાતે આવેલ માલાબાર એકઝોટીકા નામની નવી બનતી સાઇટ ખાતે કામ કરતા કુલારામ સ/ઓ બોદુરામભાઇ લઢાણ (ઉ.વ.૫૧) (રહે. શિવદર્શન સોસાયટી, ઉમાભવાની ફાટક પાસે ત્રાગડ રોડ સાબરમતી) તા.૨૬/૦૯/૨૦૨૨ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે સાઇટના બેઝમેન્ટ-૨ ખાતે નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સોલા કે.ડી.હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રસિહ વિજયસિહ ચલાવે છે.

**નિકોલઃ** નિકોલ અમર જવાન સર્કલ ગીરીવર ગ્રીન્સ નામની નવી બનતી સાઇટ પર કામ કરતા હતા અને ત્યા જ રહેતા હરીશભાઈ વાલાભાઈ ખરાડી (ઉ.વ.૩૫) (મુળ વતન. ફાડા વલા ભીંડો પોસ્ટ ભીંડી તા.જોતરી જી.ડુંગરપુર રાજસ્થાન) તા.૨૬/૦૯/૨૦૨૨ બપોરના ૪/૧૫ વાગ્યાના સુમારે ચોથા માળે સાઇટ પર કામ કરતા હતા ત્યારે પગ લપસી જતા ચોથા માળથી નીચે પડતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મેહુલકુમાર અમૃતલાલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૪૨/૨૦૨૨**

**વેજલપુરઃ** સંતોષી ડો/ઓ દુર્ગાપ્રસાદ પાસી (ઉ.વ.૧૬) (રહે. પંચવટી પાર્ક સોસાયટી સાલપરા ફાટક વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૯/૨૦૨૨ સવારના ૬/૦૦ થી ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.ઝાલા ચલાવે છે.

**નારોલઃ** રાજકુમાર સ/ઓ સુરેશકુમાર સરોજ (ઉ.વ.૨૦) (રહે. શ્યામનગર સોસાયટી રામાપીરના મંદિર પાસે સેજપુર ગામ નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૯/૨૦૨૨ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે છતમાં લોખંડની એંગલ સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અમૃતજી અળખાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી